


**રાજ્યકક્ષાનાં યુવા મહોત્સવ-૨૦૨૩, પાટણ ખાતે યોજાયેલ હતો તેમાં જુદી જુદી જેમકે વકતૃત્વ, નિબંધલેખન અને પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં સહભાગી બનેલ કોલેજનાં વિદ્યાર્થીઓ**

## ૬. નાટ્યધારા :

15.08 natak








## ૭. વ્યાયામ, યોગ, ખેલકૂદધારા :

GOVERNMENT ARTS, COMMERCE AND SCIENCE COLLEGE KHERGAM

SPORTS ACTIVITY OF WHOLE YEAR

**Yoga and Khel-kud Dhara**

YEAR 2023-24

## યોગ અને ખેલ કુદ ધારા

### (૧) વિશ્વયોગ દિવસ

વિશ્વયોગ દિવસની ઉજવણી અત્રેની કોલેજ નાં પરિસર માં કરવામાં આવી હતી. જેમાં વિધાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ યોગ દિવસ તા. ૧૫/૦૬/૨૦૨૩ નાં રોજ થી વિધાર્થીઓ ને આસનો ની પ્રેક્ટીસ કરાવવામાં આવી હતી. તેમજ તા. ૨૧/૦૬/૨૦૨૩ નાં રોજ વિશ્વ યોગ દિવસ ઉજવણી નાં ભાગ રૂપે ઉસ્માપ્રેરક કસરત થી શરુઆત કરી સૂર્યનમસ્કાર કરાવી વિવિધ આસનો કર્યા હતા તેમજ પ્રાણાયામ કરી આ વિશ્વયોગ દિવસમાં ટોટલ સ્ટાફ પ્રિન્સીપાલ શ્રી સહિત 30 તેમજ વિધાર્થીઓ બહેનો ૭૪ તથા ભાઈ ૫૮ આમ ટોટલ ૧૬૨ એ આ વિશ્વ યોગ દિવસની ઉજવણી માં ભાગ લીધો હતો.





# (૨) એક દિવસીય સ્પોર્ટ્સ ડે ની ઉજવણી અહેવાલ

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ના પરિસર માં તા. ૨૪/૦૮/૨૦૨૩ નાર ઓજ એક દિવસ માટે ઇન્ડોર કેરમ, ચેસ, સાપ સીડી તેમજ લૂડો રમત નુ આયોજન કરવામાં આવ્યું હતું, આ સ્પર્ધા માં અંદાજીત ૪૦ વિધાર્થીઓ ભાગ લીધો હતો, સહભાગી બનેલા વિધાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા માટે IQAC તથા NAAC કોર્ડીનેટોર શ્રી ઓ ને આમંત્રિત કરવામાં આવ્યા હતા.












# (૩) મેજર ધ્યાનચંદ જન્મજ્યંતિ ઉજવણી દિવસ નો અહેવાલ

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ના પટાંગણ માં તા. ૨૯/૦૮/૨૦૨૩ ના રોજ મેજર ધ્યાનચંદ ની જન્મજ્યંતિ નેશનલ સ્પોટ્ર્સ ડે તરીકે ની ઉજવણી કરી હતી. કબડ્ડી ની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમા ટોટલ ૫ ટીમો તથા ૩૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ખેલાડી ઓને પ્રોત્સાહિત કરવા માટે બીન-શૈક્ષણિક સ્ટાફ ને આમંત્રિત કર્યા હતા, જેઓએ ખેલાડીઓ ને સ્પર્ધા માટે ઉત્સાહ વધાર્યો હતો.












## (૪) પાવર લીફટીંગ સ્પર્ધા અહેવાલ

તા. ૨૯,૩૦ સપ્ટેમબર ૨૦૨૩ નાં રોજ પાવા લીફટીંગ સ્પર્ધા **prof. shah institute of manegemnt, R.V.Patel college of commerce & V.L.shah college of commerce Amroli, Surat** ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં  લગભગ ૨૨ જેટલી કોલેજો એ ભાગ લીધે હતો. જેમાં અત્રેની કોલેજ નાં ત્રણ વિધાર્થીઓ એ પણ ભાગ લીધો હતો જેમાં પટેલ ક્રીસ, પટેલ યસ અને પટેલ વિકાસ સહભાગી બન્યા હતા.




**પાવર લીફટીંગ સ્પર્ધામાં સહભાગી બનેલા ખેલાડીઓ**

## (૫) એથ્લેટિક સિલેકશન અહેવાલ

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે તારીખ ૧૩/૧૨/૨૦૨૩ નાં રોજ ઓલ ઇન્ડીયા યુનિવર્સિટી માટે એથ્લેટિક્સ સિલેકશન રાખવામાં આવ્યું હતું જેમાં અત્રેની કોલેજ ના ૫ વિધાર્થીઓ એ ભાગ લિધો હતો, આ વિધાર્થીઓ એ વિવિધ ઇવેન્ટ માં સહભાગી બની સારા દેખાવ સાથે આ સિલેક્શન પૂર્ણ કર્યું હતું.






## (૬) ક્રોસ કન્ટ્રી દોડ અહેવાલ

તા. ૧૨,૧૩/૦૧/૨૦૨૪ નાં રોજ શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિરપોર, બુહારી ખાતે ઇન્ટર કોલેજ તેમજ ઇન્ટર યુનિવર્સિટી પસંદગી માટે ક્રોસ કન્ટ્રી દોડ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટોટલ 40 કોલેજ એ ભાગ લીધો હતો. જે સ્પર્ધા માં ભાઈઓ બહેનો આમ બંને માટે તા.૧૩/૦૧/૨૦૨૪ સવાર નાં ૭ વાગ્યે સ્પર્ધા ખુલ્લી મુકવામાં આવી હતી. જેમાં અત્રેની કોલેજ નાં ત્રણ વિધાર્થીઓ પણ સહભાગી બન્યા હતા. જેમાં આ ત્રણ સ્પર્ધકો એ સારા દેખાવ સાથે સ્પર્ધા પૂર્ણ કરી હતી. ટોટલ ૮૬ ભાઈઓ એ ભાગ લીધો હતો જેમાં ચૌધરી કાળિયાભાઈ શુકરિયાભાઈ ૩૬ માં ક્રમ પર રહી ૪૩:૫૫ મિનિટમાં આ ૧૦ કિલોમીટર દોડ પૂર્ણ કરી હતી. તેમજ વિકાસ પટેલ ૬૫ માં ક્રમ પર અને વીપુલ પટેલ ૭૩ માં ક્રમ સાથે આ સ્પર્ધા પૂર્ણ કરી હતી.







## (૭) સ્પોર્ટ્સ વીક અહેવાલ

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ના પટાંગણમાં તા. ૦૨/૦૨/૨૦૨૪ થી તા. ૦૭/૦૨/૨૦૨૪ ના રોજ સુધી સ્પોર્ટ્સ વીક નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા વોલિબોલ, રસ્સા ખેંચ ભાઇઓ બહેનો તથા ક્રિકેટ ભાઇઓ બહેનો રમતો રમાડવામાં આવી હતી. જેમા વોલિબોલ માં ભાઇઓ ની ૫ ટીમો અને રસ્સા ખેંચ મા ભાઇઓની 5 ટીમો અને બહેનો ની 3 ટીમો અને ક્રીકેટ માં ભાઈ ઓ ની 8 ટીમો અને બહેનો ની ૨ ટીમો એ ભાગ લેધો હતો. આમ ટોટલ ૨૧૨ ક્રિકેટ ફાઇનલ ના દિવસે સ્પોર્ટ્સ વીક ક્રિકેટ ની ફાઇનલ માં વલસાડ જીલ્લા ના નોંધણી નિરીક્ષક અધિકારી શ્રી દિવ્યેશભાઇ પટેલ ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓ એ ખેલાડીઓ ને પ્રોત્સાહન પુરુ પાડ્યુ હતુ. અંતમાં અત્રેની કોલજ ના આચાર્ય શ્રી સંજયકુમાર એમ. પટેલ જેઓએ ફાઇનલ વિજેતા થનાર ટીમો ને ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા.















## (૮) એથ્લેટીક્સ મીટ અહેવાલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે તા. ૧૫/૦૨/૨૦૨૪ થી તા. ૧૮/૦૨/૨૦૨૪ સુધી એથ્લેટીક્સ મીટ નુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમા અત્રેની સરકારી વિનયન , વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ના ટોટલ ૯ વિધાર્થીઓ સહભાગી બન્યા હતા. જેમા વિવિધ ઇવેન્ટ માં ભાગ લીધો હતો. આ એથ્લેટીક્સ મીટ ની અંદર ટોટલ ૧૧૬ કોલેજો તથા ૧૪૦૭ વિધાર્થીઓ એ ભાગ લીધો હતો. જેમાં અત્રેની કોલેજ ના વિધાર્થીઓ એ  ફાઇનલ હીટ સુધી આવી ખુબજ  સારુ પ્રદર્શન કર્યું હતું.




એથ્લેટીક્સ મીટ સહભાગી બનેલા અત્રેની કોલેજ ના  વિધાર્થીઓ

## (૯) સ્વામી વિવેકનંદ જન્મ જયંતિ ની ઉજવણી અહેવાલ

**સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ના પરીસર માં તા. ૨૪/૦૨/૨૦૨૪ ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જ્યંતિ ની ઉજવણી સ્પોર્ટ્સ ડે તરીકે કરવામાં આવી હતી. જેમા વિવિધ પ્રાદેશિક રમતો રમાડવામાં આવી હતી, જેવી કે રસ્સા ખેંચ, ગેલ્લી દંડા, સાત ઠિકડી, સંગીત ખુરસી વગેરે જેવી રમતો રમાડવમાં આવી હતી. જેમા ટોટલ ૨૮ વિધાર્થીઓ એ સહભાગી બન્યા હતા.**





# (૧૦) તાલુકા કક્ષાનું બેટરી ટેસ્ટ

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ માં તા. ૨/૦૪/૨૦૨૪ નાં રોજ શાળાકીય ૯ થી ૧૪ વર્ષ ના વિધાર્થીઓ માટે ખેરગામ તાલુકા કક્ષાનું બેટરી ટેસ્ટ નુ આયોજન કરવમાં આવ્યુ હતું, જેમા ૮૦૦ મીટર દોડ, સીટ એન્ડ બોલ થ્રો, હાઇટ, વેઇટ તથા સ્ટેંડીન્ગ બ્રોડ જમ્પ વગેરે જેવી શારીરિક ક્ષમતા કસોટી ઓ રાખવમાં આવી હતી. આ કસોટી માં જે વિધાર્થીઓ સારો દેખાવ કરે તેવા વિધાથીઓ ને સ્ટેટ લેવલ પર મોકલવમાં આવ્યા હતા. આ ટેસ્ટ સ્ટેટ લેવલ પર વિધાર્થી સારો દેખાવ કરે તો તેવા વિધાર્થીઓ ને District leval sports school માં સિલેક્શન કરવામાં આવે છે. જેમનો અભ્યાસ તથા રમવા જમવાનો ટોટલ ખર્ચ સરકાર દ્વારા આપવમા આવે છે.









વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે, વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે

## ૧૦.૧.૨. રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

**પ્રોગ્રામ ઓફિસર**

પ્રા.ડૉ.યોગેશકુમાર એન. ટંડેલ

પ્રા. અમિતકુમાર એ. પટેલ

પ્રા. મેહુલકુમાર એન. પટેલ

ભારત વિવિધતામાં એકતા ધરાવતો વૈશ્વિક સ્પર્ધામાં હરણફાળ ભરતો પ્રગતિશીલ દેશ છે. આપણો દેશ પોતાનો આગવો ઐતિહાસિક, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક વારસો ધરાવે છે. આ અમૂલ્ય વિરાસતનું જતન થાય તથા ઓચિંતી ઊભી થતી અણધારી પરિસ્થિતિમાં દેશના નાગરિકો અડીખમ ઊભા રહી પોતાનામાં રહેલ સહનશીલતા, સેવા, ત્યાગ, બલિદાન, સમૂહભાવના જેવા માનવીય મૂલ્યોના દર્શન કરાવી સમગ્ર વિશ્વને ઉદાહરણ પૂરું પાડે એ આશયથી રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દેશના નવ યુવાનોને પાંચ દાયકાથી પણ વધુ સમયથી સતત પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી રહ્યું છે. **'NOT ME BUT YOU'** (હું નહીં પણ તમે) એવા આશયને સિદ્ધ કરવામાં સફળ રહ્યું છે.

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત અત્રેની કોલેજમાં ત્રણ યુનિટ કાર્યરત છે. સમગ્ર વર્ષ દરમ્યાન સમયાંતરે વિવિધ પ્રવૃતિઓ જેવી કે સફાઇ અભિયાન, વૃક્ષારોપણ, દિનવિશેષ ઉજવણી, સાંસ્કૃતિક પર્વ, રાષ્ટ્રીય પર્વ, દેશભક્તિની પ્રવૃતિઓ, રમતગમત, જરૂરિયાત મંદોને સમાજસેવાનાં કાર્યો, પર્યાવરણીય જતન અને સંવર્ધનનાં કાર્યક્રમો, ખેલકૂદ, સર્જનાત્મક પ્રવૃતિઓ, ધાર્મિક પ્રવૃતિઓ, આપતિ વ્યવસ્થાપન, આરોગ્ય, જન જાગૃતિ તથા સમાજના ઉત્કર્ષમાં યોગદાન આપતી ઈતર પ્રવૃતિઓનું આયોજન થાય છે. ઉપરાંત દર વર્ષે એક સાપ્તાહિક ખાસ વાર્ષિક શિબિરનું આયોજન થાય છે. શિબિરાર્થીઓ અન્ય વિસ્તારથી પરિચિત થાય, નવી પરિસ્થિતમાં પોતાનું તાદાત્મય કેળવે તથા લોક સંપર્ક દ્વારા સમસ્યાઓથી વાકેફ થાય અને સમસ્યાના સમાધાન તરફ વળે એ હેતુથી આ શિબિરમાં યોગ, પ્રાણાયામ, પ્રભાત ફેરી, વ્યસન મુક્તિ, અંધશ્રધ્ધા નિર્મૂલન, સર્વેક્ષણ, નાટક, જનજાગૃતિ કાર્યક્રમ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થાય છે. પ્રકૃતિના જતન અને સંવર્ધનનાં ગુણોનો વિકાસ થાય તે હેતુથી પ્રાકૃતિક શિબિરનું આયોજન થાય છે.

અત્રેની કૉલેજમાં પણ NSSના સ્વયંસેવકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની વિગત નીચે મુજબ છે.

૧. તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ કૉલેજ કેમ્પસમાં '૯ મો વિશ્વ યોગ દિવસ' નિમિત્તે સામૂહિક સૂર્ય નમસ્કાર કાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના કુલ ૧૨૬ સ્વયંસેવકો (૨૧ ભાઈઓ અને ૧૦૫ બહેનો) તથા કુલ ૨૯ અધ્યાપકો (૧૬ ભાઈઓ અને ૧૩ બહેનો) સહભાગી બન્યા હતા.

૨. તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ વિશ્વ યોગદિવસ નિમિત્તે નાંધઈ ભૈરવી મંદિર ખાતે યોગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના કુલ ૨૯ સ્વયંસેવકો (૧૯ ભાઈઓ અને ૧૦ બહેનો) તથા ૩ અધ્યાપકોએ ભાગ લીધો.

૩. તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ વિશ્વ યોગદિવસ નિમિત્તે કૉલેજ કેમ્પસમાં યોગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૧૬૭ સ્વયંસેવકો (૬૯ ભાઈઓ અને ૯૮ બહેનો) તથા ૯ અધ્યાપકોએ ભાગ લીધો.

૪. તા.૧૭/૦૭/૨૦૨૩ થી ૨૨/૦૭/૨૦૨૩ દરમિયાન યુવક-યુવતિ સહકારી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગીતાબેન પટેલ અને રાજેશભાઈ બાગુલ (વલસાડ જિલ્લા સહકારી સંઘ) હાજર રહ્યા હતા, જેમાં કૉલેજના કુલ ૧૨૭ સ્વયંસેવકો (૪૬ ભાઈઓ અને ૮૧ બહેનો)એ ભાગ લીધો.

૫. તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ આઝાદી કા અમૃતમહોત્સવની પૂર્ણાહુતિ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં યુનિ. કક્ષાએ જવા માટે કૉલેજના એક સ્વયંસેવકે ભાગ લીધો.

૬. તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ આઝાદી કા અમૃતમહોત્સવની પૂર્ણાહુતિ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૪ સ્વયંસેવકો (૧ ભાઈ અને ૩ બહેનો)એ ભાગ લીધો.

૭. તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ આઝાદી કા અમૃતમહોત્સવની પૂર્ણાહુતિ અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૨ સ્વયંસેવકો (૧ ભાઈ અને ૧ બહેન)એ ભાગ લીધો.

૮. તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૪૬ સ્વયંસેવકો (૧૯ ભાઈઓ અને ૨૭ બહેનો) વિદ્યાર્થીઓ તથા ૭ અધ્યાપકોએ ભાગ લીધો.

૯. તા.૦૭/૦૮/૨૦૨૩ ના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગ રૂપે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૨૫ સ્વયંસેવકો (૪ ભાઈઓ અને ૨૧ બહેનો)એ ભાગ લીધો.

૧૦. તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગ રૂપે છાંયડો હોસ્પિટલના તબીબ ડૉ.નીરવભાઈ બી. પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૧૦૬ સ્વયંસેવકો (૪૨ ભાઈઓ અને ૬૪ બહેનો)એ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૧. તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત કૉલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ પાસેથી પંચપ્રાણ પ્રતિજ્ઞા લેવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૨૫ સ્વયંસેવકો (૬ ભાઈઓ અને ૧૯ બહેનો) તથા ૬ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૨. તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત વસુધા વંદન કાયક્રમ અંતર્ગત તોરણવેરા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તોરણવેરા ગામે ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા, હાઈસ્કુલ, આરોગ્ય કેન્દ્ર અને ત્યાંના જાહેર સ્થળોએ ૮૦ વૃક્ષો રોપવામાં આવ્યા, જેમાં કૉલેજના કુલ ૨૧ સ્વયંસેવકો (૯ ભાઈઓ અને ૧૨ બહેનો) તથા ૩ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૩. તા.૧૫/૦૮/૨૦૨૩, મંગળવારનાં રોજ ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેશભક્તિ અભિનય ગીતમાં કોલેજના કુલ ૧૩ અને દેશભક્તિ ગીતમાં ૦૩ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો, તેમજ ૦૧ વિદ્યાર્થીનીએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઉપરાંત તાલુકા કક્ષાના કાર્યક્રમમાં કૉલેજના સ્વયંસેવકોએ ખેરગામ ખાતે ભાગ લીધો હતો.

૧૪. તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે સ્વદેશી જાગરણ મંચના રાષ્ટ્રીય સંગઠક આદરણીય કશ્મીરી લાલજી દ્વારા વર્તમાન સમયમાં આત્મનિર્ભરતાની જરૂરીયાત વિષય અંતર્ગત ઓનલાઈન વ્યાખ્યાનનું જીવંત પ્રસારણ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૪૯ સ્વયંસેવકો (૧૩ ભાઈઓ અને ૩૬ બહેનો) તથા ૪ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૫. તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે પ્રી.આર.ડી. (Pre.-R.D.) સિલેકશન કેમ્પનું આયોજન થયું, જેમાં અત્રેની કૉલેજની વિદ્યાર્થીની પ્રિયંકાબેન બહાદૂરભાઈ પટેલે ભાગ લીધો.

૧૬. તા.૨૪/૦૮/૨૦૨૩ થી ૨૫/૦૮/૨૦૨૩ દરમિયાન VNSGU સુરત ખાતે પ્રી.આર.ડી. (Pre.-R.D.) સિલેકશન કેમ્પનું આયોજન થયું, જેમાં અત્રેની કૉલેજની વિદ્યાર્થીની પ્રિયંકાબેન બહાદૂરભાઈ પટેલે ભાગ લીધો.

૧૭. તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ વિશ્વ અંધજન દિવસ નિમિત્તે અત્રેની કૉલેજ દ્વારા અંધજનોને રાહત મળે એ હેતુસર રૂપિયા ૪૩૪૦/- ફાળો એકત્રિત કરવામાં આવ્યો, જેમાં કૉલેજના કુલ ૨૧૯ સ્વયંસેવકો (૯૮ ભાઈઓ અને ૧૨૧ બહેનો) તથા ૧૬ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૮. તા.૦૧/૧૦/૨૦૨૩ ના રોજ 'સ્વચ્છતા એ જ સેવા' અંતર્ગત કૉલેજ કેમ્પસમાં શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૪૯ સ્વયંસેવકો (૨૨ ભાઈઓ અને ૨૭ બહેનો) તથા ૬ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૯. તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ 'મેરી મીટ્ટી મેરા દેશ' અંતર્ગત સુવર્ણ કળશયાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી પ્રતિનિધિ મંડળના પ્રમુખ શ્રી અંકુરભાઇ શુક્લ હાજર રહ્યા હતા, જેમાં કૉલેજના કુલ ૯૩ સ્વયંસેવકો (૪૨ ભાઈઓ અને ૫૧ બહેનો) તથા ૧૪ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૨૦. તા.૩૦/૧૦/૨૦૨૩ થી ૦૫/૧૧/૨૦૨૩ દરમિયાન 'સ્વચ્છતા એ જ સેવા' અંતર્ગત સ્વચ્છતા અઠવાડિયું કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના કુલ ૫૨ સ્વયંસેવકો (૧૮ ભાઈઓ અને ૩૪ બહેનો) તથા ૦૮ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૨૧. તા.૩૧/૧૦/૨૦૨૩ ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ શપથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અત્રેની કૉલેજના કુલ ૩૭ (૧૫ ભાઈઓ અને ૨૨ બહેનો) તથા ૦૬ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૨૨. તા.૦૧/૧૧/૨૦૨૩ થી ૧૦/૧૧/૨૦૨૩ દરમિયાન કૉલેજની સ્વયંસેવિકા પ્રિયંકાબેન બહાદૂરભાઈ પટેલે The West Zone Pre-Republic Day (Pre.-R.D.) Parade Camp-2023 માં વિજયવાડા, આંધ્રપ્રદેશ ખાતે ભાગ લીધો.

૨૩. તા.૦૨/૧૧/૨૦૨૩ થી ૦૮/૧૧/૨૦૨૩ દરમિયાન National Integration Camp (NIC)-2023 માં શ્રી ગોવિંદગુરુ યુનિ. ગોધરા, ગુજરાત ખાતે કૉલેજના કુલ ૩ સ્વયંસેવકો (૨ ભાઈઓ અને ૧ બહેન) (ભાવિનભાઈ એન. પટેલ, કેવલભાઈ યુ. પટેલ અને ટીંકલબેન એસ. ગાયકવાડ)એ ભાગ લીધો. તેમજ તેઓની સાથે ટીમ લીડર તરીકે કૉલેજના પ્રોગ્રામ ઓફિસર પ્રા. શ્રી અમિતભાઈ પટેલ યુનિ. તરફથી સહભાગી થયા હતા.

૨૪. તા.૩૦/૧૧/૨૦૨૩ થી ૦૬/૧૨/૨૦૨૩ દરમિયાન કૉલેજની સ્વયંસેવિકા સોનાલી ઠાકોરભાઈ પટેલે National Integration Camp (NIC)-2023 (રાષ્ટ્રીય એકતા શિબિર)માં કવયિત્રી બહીનાબાઈ ચૌધરી, ઉત્તર મહારાષ્ટ્ર યુનિ. જલગાંવ ખાતે ભાગ લીધો.

૨૫. તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વિશ્વ એઇડ્સ દિવસ નિમિત્તે રોગને ફેલાતો અટકાવવા માટે શપથ ગ્રહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૨૫ સ્વયંસેવકો (૧૩ ભાઈઓ અને ૧૨ બહેનો) તથા ૦૮ અધ્યાપકો (૬ ભાઈઓ અને ૧૨ બહેનો)એ ઉત્સાહભેર ભાગ લીધો.

૨૬. તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ સરકારશ્રીના આદેશ અનુસાર તા.૨૭/૧૦/૨૦૨૩ થી તા.૦૯/૧૨/૨૦૨૩ દરમિયાન મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત મામલતદાર કચેરી ખેરગામથી તેજલબેન ઉપસ્થિત રહ્યા, જેઓએ કૉલેજના સ્વયંસેવકોને વિસ્તૃત માહિતી આપી હતી.

૨૭. તા.૦૮/૧૨/૨૦૨૩ થી ૧૭/૧૨/૨૦૨૩ દરમિયાન કૉલેજનો સ્વયંસેવક આયુષકુમાર સુભાષભાઈ પટેલે NATIONAL ADVENTURE CAMP (NAC)-2023 માં Atal Bihari Vajpayee of Mountaineering & Allied Sports, HP (પોંગડેમ, હિમાચલ પ્રદેશ) ખાતે ભાગ લીધો.

૨૮. તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ 'નશા મુક્ત ભારત અભિયાન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય તરફથી સુનિતાબેન, ચંપાબેન, જ્યોતિબેન, અમૃતભાઈ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં કૉલેજના કુલ ૭૫ સ્વયંસેવકો (૧૯ ભાઈઓ અને ૫૬ બહેનો) તથા ૭ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૨૯. તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ 'વ્યસનમુક્તિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર હરિદ્વાર તરફથી શ્રી લલ્લુભાઈ પટેલ, નરેન્દ્રભાઈ લાડ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં કૉલેજના ૭૨ સ્વયંસેવકો (૨૦ ભાઈઓ અને ૫૨ બહેનો) તથા ૫ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

30. તા.03/0૧/૨૦૨૪ ના રોજ National Voters' day, 2024 નિમિત્તે Young Voters' Festival-2023 કાર્યક્રમમાં "Nothing Like Voting, I Vote For Sure" વિષય અંતર્ગત Section-B, Category-A Jingles/Audio Competition માં કૉલેજનો સ્વયંસેવક ભદ્રેશ પ્રવીણભાઈ પટેલે જીલ્લા કક્ષાએ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી ૧૦૦૦/- નું રોકડ ઇનામ મેળવેલ છે.

૩૧. તા.૧૨/૦૧/૨૦૨૪ થી ૧૬/૦૧/૨૦૨૪ દરમિયાન મહારાષ્ટ્રના નાસિક ખાતે આયોજિત ૨૭મો રાષ્ટ્રીય યુવા મહોત્સવ-૨૦૨૪ (National Youth Festival-2024)માં સોનાલી ઠાકોરભાઈ પટેલ અને કેવલભાઈ ઉત્તમભાઈ પટેલે (૦૧ ભાઈ અને ૦૧ બહેન) ભાગ લીધો.

૩૨. તા.૧૩/૦૧/૨૦૨૪ ના રોજ કૉલેજ ખાતે ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવા ભારત ફાઉન્ડેશન દ્વારા આયોજિત કલ્ચર પ્રિઝર્વેશન વિષય અંતર્ગત સંયુક્ત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના ૮ સ્પર્ધકો (૦૪ ભાઈઓ ૦૪ બહેનો) કુલ ૨૬ સ્વયંસેવકો (૧૮ ભાઈઓ અને ૦૮ બહેનો) અને ૦૪ અધ્યાપકો (૦૨ ભાઈઓ અને ૦૨ બહેનો) સહભાગી બન્યા.

33. તા.૧૬/૦૧/૨૦૨૪ થી ૨૬/૦૧/૨૦૨૪ દરમિયાન State Republic Day Parade Camp-2024 જુનાગઢ, ગુજરાત ખાતે કૉલેજની સ્વયંસેવિકા પ્રિયંકાબેન બહાદૂરભાઈ પટેલે ભાગ લીધો.

૩૪. તા.૧૭/૦૧/૨૦૨૪ થી તા.૨૩/૦૧/૨૦૨૪ દરમિયાન માળી ફ. પ્રાથમિક શાળા ગોડથલના રાષ્ટ્રીય સેવા યોજના પ્રાકૃતિક ખેતી, બરછટ અનાજ અને મિલેટ્સ વિષય અંતર્ગત વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના ૧૦૧ સ્વયંસેવકો (૪૩ ભાઈઓ અને ૫૮ બહેનો) તથા પ્રોગ્રામ ઓફિસરો અને પટાવાળા (૦૪ ભાઈ અને ૦૧ બહેન) સહભાગી બન્યા હતા.

૩૫. તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ ૭૫ મો પ્રજાસત્તાક દિન નિમિત્તે એમ.સી.એલ.પટેલ હાઈસ્કુલ વાડના પટાંગણમાં ખેરગામ તાલુકાના વહીવટી વિભાગ દ્વારા તાલુકા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના ૧૦ સ્વયંસેવકો (૧૦ ભાઈઓ) દ્વારા ડાંગી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું, ઉપરાંત કૉલેજના પટાંગણમાં ૭૫ મો પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી.

૩૬. તા.03/0૨/૨૦૨૪ ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર પ્રાયોજિત અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત દ્વારા યુનિ./ઝોનલ કક્ષાની ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજની સ્વયંસેવિકા પ્રિયંકાબેન બહાદુરભાઇ પટેલે ભાગ લીધો હતો.

૩૭. તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત થયેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થયેલા સ્વયંસેવકોને સીલ્ડ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા.

૩૮. તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ યુથ પાર્લામેન્ટ વિષય સંદર્ભે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના કુલ ૯૬ સ્વયંસેવકો (૨૬ ભાઈઓ અને ૭૦ બહેનો) તથા ૧૨ અધ્યાપકો (૦૪ ભાઈઓ અને ૦૮ બહેનો) સહભાગી થયા હતા.

૩૯. તા.૧૬/03/૨૦૨૪ થી ૨૨/03/૨૦૨૪ દરમિયાન કૉલેજના સ્વયંસેવકો આયુષકુમાર સુભાષભાઈ પટેલ અને રૂત્વિકાબેન સુધીરભાઈ પટેલ (૧ ભાઈ અને ૧ બહેન) National Integration Camp (NIC)-2024 માં ફકીર મોહન યુનિ. બાલાસોર, ઓરિસ્સા ખાતે ભાગ લીધો.

## તા.૧૭/૦૬/૨૦૨૩ – વિશ્વ યોગ દિવસ નિમિત્તે સામુહિક સૂર્યનમસ્કાર














૯ મો વિશ્વ યોગ દિવસ નિમિત્તે સામુહિક સૂર્યનમસ્કાર કરતા સ્વયંસેવકો અને સ્ટાફગણો.